ગૂજરાત વિદ્યાપીઠ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી, તા. કપરાડા, જી. વલસાડ હસ્તકના ફાર્મ ખાતે **શરૂના ઝાડ** કાપીને લઇ જવાનો ઇજારાની વર્ષ ૨૦૧૭-૧૮ ની ટેન્ડરથી વેચાણની શરતો.

૧. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટી ફાર્મ ખાતે શરૂના ઝાડો (અંદાજે ૨૫૦૦ નંગ) આવેલા છે. જેને કાપીને લઇ જવાનો ઇજારો આપવાનો છે.

૨. શરત નં ૧ માં જણાવેલ ઝાડો ઇજારદારે હરાજી પુરી થયા બાદ વધુમાં વધુ બે માસ સુધી રહેશે.

૩. ઇજારદાર ઇસમ પુખ્ત વયનો પાનકાર્ડ તેમજ આધારકાર્ડ ધરાવવો જોઇએ તેની નકલ જોડવી.

૪. ઇજારદાર ઇજારાની રકમ નીચેની રીતે ભરવાની રહેશ.

અ. ટેન્ડર બંધ કવરમાં તા.૦૩/૧૧/૨૦૧૭ ના રોજ ૧૮.૦૦ કલાક સુધીમાં કચેરી સમયમાં રૂબરૂ કે રજી.એડી. ટપાલથી પહોંચતા કરવાના રહેશે. **કવર ઉપર શરુનું ટેન્ડર લખવું.**

બ. ટેન્ડર સાથે રૂ. ૧૦૦૦૦/- ડીપોઝીટ પેટે જમા કરાવવાના રહેશે અને તેજ ઇસમનું ટેન્ડર સ્વીકારવામાં આવશે. ડિપોઝીટની રકમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અંભેટીના નામનો થી જમા કરાવવાના રહેશે. જે વ્યકિત ટેન્ડર મંજુર થશે તેની ઉપરોકત રકમ ડિપોઝીટ તરીકે ગણવામાં આવશે. બાકીના ને ડિપોઝીટની રકમ હિસાબી કાર્યવાહી પુર્ણ થયા બાદ ચેકથી પરત કરવામાં આવશે. ડીપોઝીટની રકમ પર કોઇ પણ જાતનું વ્યાજ આપવામાં આવશે નહી.

ક. ઇજારાની ૫૦% રકમ ઇજારો મંજુર થયે દિન-૫માં અને બાકીની રકમ કાપવાની શરૂઆત પહેલાં જમા કરાવવી પડશે. મંજુર થયેલ ટેન્ડરની ૧૦૦% રકમ કચેરીમાં જમા થયા બાદ જ ઇજારાના ઝાડો કાપવા કેન્દ્ર તરફથી હુકમ લેખિતમાં આપવામાં આવશે.

૫. ઉપર જણાવેલ ઇજારાની રકમ લખેલ મુદતમાં ૪(ક) જમા કરાવવામાં નહી આવશે તો ઇજારો રદ કરવામાં આવશે. (તેથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ને જે કાંઇ નુકશાન થયેલ હશે તે ઇજારદારે ભરપાઇ કરવાનું રહેશે.) નુકશાન ડિપોઝીટની રકમમાંથી ભરપાઇ કરવા સદર સંસ્થા કાયદેસરના પગલાં લેવા હકકદાર રહેશે. તેમાં ઇજારદારની કોઇ દલીલ ચાલશે નહી.

૬.ટેન્ડર ૦૪/૧૧/૨૦૧૭ ના રોજ ટેન્ડર ભરનારની તેમના પ્રતિનીધિની ઉપસ્થિતમાં બપોરે ૧૧.૩૦ થી ૧૨.૦૦ દરમ્યાન કલાકે સમિતિ સમક્ષ ખોલવામાં આવશે નિયત સમયમાં ગેરહાજર રહેનારનું ટેન્ડર ઉપસ્થિત ( સમિતિ તથા ભાવ ભરનાર) સભ્યોની હાજરીમાં ખોલી શકાશે. ગેરહાજર સભ્યો પાછળથી કોઇ વાંધો લઇ શકશે નહી.

૭. શરત ન. ૪-ક મુજબ ૫૦ ટકા રકમ પાંચ દિવસમાં ભર્યાબાદ નિયત સમયમર્યાદામાં (હરરાજીની તારીખથી ૬૦ દિવસમાં શરુ કાપીને લઇ જવા) પુરેપુરી રકમ ભરવામાં ન આવે તો ઇજારદારની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**૮. શરૂના ઝાડ** લઇ જવા માટે જરુરી સરકારી મંજુરી અંગેની કામગીરી જે તે ઇસમની રહેશે.

૯. ઝાડ કાંપતા કોઇ પણ માલ,મકાન,ઝાડપાન વગેરેને નુકશાન ન થાય તેની કાળજી ઇજારદારે રાખવાની રહેશે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,ને સંપતિને કોઇપણ જાતનું નુકશાન થશે. તો તેવા સંજોગોમાં સંસ્થાને વ્યાજબી લાગશે તો તે નુકશાન ની રકમ ઇજારદાર પાસેથી વસુલ કરવામાં આવશે.

૧૦. સદરહું ફાર્મમાં ઇજારદાર તરફથી જે રખેવાળ કે પ્રતિનીધિ રાખવામાં આવશે તેના નામ સરનામાં કેન્દ્ર સંચાલકશ્રીને લેખિતમાં રજુ કરવાના રહેશે. જે તે શખ્સનું વર્તન હિતને નુકશાન કરતાં જણાય તો તેવા માણસોને કેન્દ્રના સંચાલક તરફથી લેખિત જાણ થશે તેજ દિવસે દુર કરવાના રહેશે. અને તેવા માણસોને ફાર્મમાં દાખલ થવા દેવામાં આવશે નહી. નિયામકની સંમતિ મેળવ્યા સિવાય કોઇ પણ મજુરોને ઇજારદારે કામ પર લેવા નહી.

૧૧. કોઇપણ કુદરતી આફત અગર કોઇ બીજી આસમાની સુલતાનીથી હરાજી કરેલા ઝાડોને કોઇપણ નુકશાન થશે તો સંસ્થાની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૧૨. ઇજારદાર શરત ન. ૧ જણાવેલ વિભાગ અને ઝાડ સિવાયના કોઇપણ પ્લોટમાંથી ઝાડ કાપી શકશે નહી. આ શરતોનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

૧૩. ઝાડો કાપવાનો સમય સવારે ૮-૦૦ થી ૧૮-૦૦ વાગ્યા સુધીનો રહેશે. તે સિવાયના તથા રજાના દિવસોમાં ઝાડ કાપવાના હોય તો નિયામકની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

૧૪. હરરાજી સમયે જેણે ઇજારો રાખ્યો હોય તે ઇજારદાર બીજા કોઇ પણ ઇસમને ઇજારો તબદીલ કરી શકશે નહી.

૧૫. સંજોગવસાત ઉપરોકત શરતોમાં ફેરફાર ગૂજરાત વિદ્યાપીઠના સત્તાધીશો તરફથી કરવા પડે તો તે માન્ય રાખવા પડશે.

૧૬. ઇજારદારે ભરેલ મહત્તમ ભાવ સમિતિ ઠરાવેલ ન્યુન્તમ કિંમત કરતાં ઓછા હોય તેવા સંજોગોમાં ઉપસ્થિત સભ્યોની હાજરીમાં જાહેર હરરાજીથી વેચાણ કરવાની સત્તા સમિતિની રહેશ.

૧૭. આ અંગેની કોઇપણ મુશકેલી કે મુદ્દો ઉભો થાય તે અંગે ગૂજરાત વિદ્યાપીઠ તરફથી જે ચુકાદો આપવામાં આવશે તે ઇજારદારે માન્ય રાખવો પડશે.